પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૨૮ | ૮ ફેબ્રુઆરી, ૨૦૧૮, ગુરૂવાર ; મહા વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### વિપક્ષો સાંસદોએ જસ્ટીસ લોયા મામલે રાષ્ટ્રપતિને આવેદનપત્ર આપ્યુ

જસ્ટીસ લોયા મૃત્યુ કેસ સંબંધે વિપક્ષના સાંસદોએ એકજુટ થઈ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને આવેદનપત્ર આપ્યુ હતુ.

### સચિન તેંડુલકરે બીસીસીઆઈને પત્ર લખ્યો

સુપ્રસિદ્ધ ક્રિકેટર સચિન તેંડુલકરે બીસીસીઆઈને પત્ર લખ્યો છે અને બ્લાઈન્ડ ક્રિકેટ એસોસીએશનને માન્યતા આપવા રજૂઆત કરી છે.

### ગોવાની માઈનીંગ લીઝ રદ

સુપ્રિમ કોર્ટે ગોવામાં બધી જ માઈનીંગ લીઝ રદ કરી દીધી છે. કોર્ટે કહ્યું છે કે ૧૫ માર્ચ બાદ કોઈ પણ કંપની માઈનીંગ નહી કરી શકે.

# રેપો-રિવર્સ રેપોરેટ યથાવત

**આરબીઆઈની નાણાંકીય નીતિ સમીક્ષાના પરિણામ જાહેર : માર્જિન સ્ટેન્ડિંગ ફેસિલિટી રેટ ૬.૨૫ ટકા અને બેંક રેટ ૬.૨૫ ટકા જાળવવા નિર્ણય કરાયો : ગ્રામીણ ક્ષેત્ર માટે બજેટમાં કરાયેલી ફાળવણી સારુ પગલું**




મુંબઈ, તા. ૭

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે આરબીઆઈની નાણાંકીય નીતિ સમીક્ષા આજે જારી કરવામાં આવી હતી જેમાં ધારણા પ્રમાણે જ ટૂંકાગાળાના ધિરાણદર અથવા તો રેપોરેટને યથાવત છ ટકા જાળવી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત આરબીઆઈના ગવર્નર ઉર્જિત પટેલના નેતૃત્વમાં મોનિટરી પોલિસી કમિટિએ રિવર્સ રેપોરેટ, બેંક રેટ, સીઆરઆરને યથાવત રાખવાનો નિર્ણય કર્યો હતો. એમએસએફ અને બેંક રેટ પણ ૬.૨૫ ટકાના દરે યથાવત રાખવામાં આવ્યા છે. મોંઘવારી વધવાના છ કારણ પણ આજે દર્શાવવામાં આવ્યા હતા. તમામ ચાવીરુપ રેટ યથાવત રાખવામાં આવ્યા છે. બજેટમાં ગ્રામિણ ક્ષેત્ર માટે લેવામાં આવેલા પગલા અને ફાળવણી સારા સંકેત હોવાની વાત આમા કરવામાં આવી છે. જાણકાર લોકોનું કહેવું છે કે, ધારણા પ્રમાણે જ આજની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યા હતા. તેની ડિસેમ્બર સમિક્ષામાં એમપીસીએ કેશ રિઝર્વ રેશિયો અથવા તો સીઆરઆરને યથાવત ચાર ટકા અને રિવર્સ રેપોરેટને પણ યથાવત ૫.૭૫ ટકાના દરે જાળવી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. એસએલઆરને ૧૯.૫ ટકા યથાવત રાખવામાં આવ્યો છે. પોલિસી સમીક્ષાની બેઠકમાં તમામ પાસાઓ ઉપર વિચારણા કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

## વ્યાજદર યથાવત રહેતા શેરબજારમાં નિરાશા રહી

**પોલિસી સમીક્ષાની વચ્ચે વધુ ૧૧૩ પોઇન્ટનો ઘટાડો થયો – અવિરત મંદીના પરિણામે રોકાણકારો દિશાહીન**

મુંબઇ,તા. ૭

શેરબજારમાં છેલ્લા કેટલાક દિવસથી જારી મંદી આજે પણ યથાવત રીતે રહેતા અંતે નિરાશા હાથ લાગી હતી. વૈશ્વિક બજારોમાં સ્થિતી સુધરતા તેની અસર ભારતીય બજાર પર જોવા મળી હતી. સવારમાં બજારમાં રિકવરી જોવા મળી હતી. સેંસેક્સ અને નિફ્ટી બન્નેમાં રિકવરી થઇ હતી. જો કે આરબીઆઇની પોલીસી સમીક્ષા જારી કરવામાં આવ્યા બાદ કારોબારના અંતે તેમાં ફરી નિરાશા જોવા મળી હતી. કારોબારના અંતે સેંસેક્સ ૧૧૩ પોઇન્ટ ઘટીને ૩૪૦૮૩ની સપાટી પર રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૨૨ પોઇન્ટ ઘટીને ૧૦૪૭૭ની સપાટી પર રહ્યો હતો. બજેટ બાદ શેરબજારમાં અવિરત મંદી રહી છે.

## સંસદમાં રાફેલ ડીલ, ખેડૂતો અને બેરોજગારોનો મુદ્દો ભૂલી ગયા : રાહુલ

ન્યુ દિલ્હી,તા.૦૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના લોકસભામાં આપવામાં આવેલા ભાષણ પર કૉંગ્રેસએ પલટવાર કર્યો છે. કૉંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીનું કહેવું છે કે તેમણે પીએમને ત્રણ પ્રશ્ન કર્યા હતા, પરંતુ એક કલાકથી પણ વધુ ચાલેલા ભાષણ દરમ્યાન વડાપ્રધાન એ આ પ્રશ્નનો જવાબ આપ્યો નહીં. ઉલ્લેખનીય છે કે વિપક્ષના હોબાળા વચ્ચે પીએમ એ કૉંગ્રેસ અને નહેરૂ-ગાંધી પરિવાર પર જોરદાર પ્રહારો કર્યા. રાહુલ એ કહ્યું કે વડાપ્રધાનજીનું દર વખતે ભાષણ હોય છે કૉંગ્રેસ અને કૉંગ્રેસના નેતાઓ અંગે. સંસદમાં તેમણે એક કલાકથી પણ વધુ સમય સુધી ભાષણ આપ્યું, પરંતુ તેમણે ખેડૂતોના ભવિષ્ય અંગે અને યુવાનોના બેરોજગાર અંગે કંઇ બોલ્યા નહીં. અમારા પ્રશ્નો રાફેલ ડીલ અંગે છે, જેના અંગે મોદીજી એ કોઇ જવાબ આપ્યો નહીં.

● અનુસંધાન પાન-૭ પર

## તમારા ઝેરની કિંમત દેશ ચૂકવી રહ્યો છે : મોદી

નવીદિલ્હી, તા. ૭

રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચાનો રીતે ચૂંટણી પ્રચારમાં આક્રમક નિવેદન કર્યા હતા તેવી જ રીતે આજે નિવેદન કરીને કોંગ્રેસ પાર્ટીની મેન ચેન્જર નહીં એમ ચેન્જર છે. તેમણે ઉમેર્યું હતું કે, કોંગ્રેસના મેન ચેન્જર અને જુના ભારતને આપી

**લોકસભામાં કોંગ્રેસ પર વરસ્યા પ્રધાનમંત્રી, પોતાની સરકારની સિદ્ધિઓ પણ ગણાવી : અમે નેમ ચેન્જર નહીં બલ્કે એઈમ ચેન્જર છીએ : મોદીનો જવાબ**

જવાબ આપતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે અસલ અંદાજમાં દેખાયા હતા. વર્ષ ૨૦૧૪માં જે તમામ પોલ ખોલી હતી. મોદીએ કોંગ્રેસને એક એક આક્ષેપોના જવાબ આપીને કહ્યું હતું કે, અમે દો તેવા તમામ આક્ષેપોનો મોદીએ જવાબો આપ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર



## બર્ડ હિટથી પ્લેનનું એન્જિન બંધ થતાં ઈમરજન્સી લેન્ડીંગ

**દિલ્હી જતી ગો એરની ફલાઇટને પક્ષી અથડાયું : ઇમરજન્સી લેન્ડીંગ બાદ રઝળી પડેલા પ્રવાસીઓ માટે અન્ય વ્યવસ્થા નહી થતાં એરપોર્ટ ઉપર જોરદાર હોબાળો**

અમદાવાદ,તા. ૭

અમદાવાદથી દિલ્હી જતી ગો એરની ફલાઈટને આજે વહેલી સવારે બર્ડ હિટ નડી જતાં પ્લેનનું એન્જિન બંધ થઈ ગયુ હતું, જેના કારણે પ્લેનમાં બેઠેલા પ્રવાસીઓના જીવ પડીકે બંધાયા હતા, બીજીબાજુ, ફલાઈટના પાયલોટે સમયસૂચકતા દાખવી પંદર મિનિટમાં જ ફલાઈટ પાછી વાળી ઈમરજન્સી લેન્ડીંગ કરાવતાં મોટી દુર્ઘટના ટળી ગઇ હતી. પ્રવાસીઓએ જીવ બચી જતાં રાહતનો દમ લીધો હતો પરંતુ ત્યારબાદ નવી ફલાઈટ કે જવા માટેની અન્ય કોઈ વૈકલ્પિક સુવિધા ઉપલબ્ધ નહી બનાવાતાં પ્રવાસીઓએ અમદાવાદ એરપોર્ટ પર જોરદાર હોબાળો મચાવ્યો હતો. એક તબક્કે એરપોર્ટ ઓથોરીટી સહિતના સત્તાધીશોને દરમ્યાનગીરી કરી મામલો થાળે પાડવાની ફરજ પડી હતી. જો કે, બર્ડ હિટની આજની ઘટનાને પગલે વહેલી સવારે એરપોર્ટ પર ભારે ઉત્તેજના અને હોબાળાના દ્રશ્યો જોવા મળ્યા હતા. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, અમદાવાદ એરપોર્ટ પરથી આજે સવારે ગો એરની અમદાવાદથી દિલ્હી જતી ફલાઈટ સવારે ૮-૨૫ મિનિટે ટેક ઓફ થઈ હતી, ફલાઈટ જેવી ઉડીને હવામાં પહોંચી કે, થોડીવારમાં અચાનક જ કયાંકથી કોઈ પક્ષી આવીને ફલાઈટ સાથે અથડાયું હતું. જેના કારણે ફલાઈટનું ડાબી બાજુનું એન્જિન બંધ પડી ગયું હતું. એન્જિન બંધ

● અનુસંધાન પાન-૭ પર

## આધુનિક પૃથ્વી-૨ મિસાઈલનું પુનઃ સફળ પરિક્ષણ કરાયું

**મિસાઈલ ૩૫૦ કિલોમીટર ત્રાટકવામાં સક્ષમ**




બેલાસોર, તા. ૭

ભારતે આજે ઓરિસ્સાના બેલાસોર ખાતે ટેસ્ટ રેંજથી સ્વદેશીરીતે વિકસિત કરવામાં આવેલી પરમાણુ સક્ષમ પૃથ્વી-૨ બેલાસ્ટિક મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું હતું. આ મિસાઈલનું પરીક્ષણ સવારે ૧૧.૩૫ વાગે બેલાસોરના ચાંદીપુર ખાતે ઈન્ટેગ્રેટેડ ટેસ્ટ રેંજથી કરવામાં આવ્યું હતું. લોંચ કોમ્પ્લેક્ષ ત્રણથી મોબાઈલ લોન્ચર મારફતે તેનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. ૧૮મી જાન્યુઆરીના દિવસે અગ્નિ-૫નું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું જ્યારે ગઇકાલે ઓરિસ્સાના અબ્દુલ કલામ દ્વીપથી અગ્નિ--૧ મિસાઇલનું પરીક્ષણ કરવામાં આવ્યા બાદ આજે સતત બીજા દિવસે વધુ એક મિસાઇલનું પરીક્ષણ કર્યું હતું. ૨૭મી જાન્યુઆરી ૧૯૯૬ના દિવસે ચંડીપુરમાં આ મિસાઇલનું પ્રથમ વખત પરીક્ષણ કરવામાં આવ્યું હતું. ભૂમિથી ભૂમિમાં પ્રહાર કરવામાં સક્ષમ આ મિસાઇલનું

● અનુસંધાન પાન-૭ પર

## માલદીવમાં ભારતે શાંતિસેના મોકલવાના સંકેત આપતાં, ચીનના પેટમાં તેલ રેડાયું

માલદિવ,તા.૭

સુપ્રીમ કોર્ટના આદેશની અવગણના કરીને માલદીવના રાષ્ટ્રપતિ અબ્દુલ્લા યામીને દેશમાં ઈમરજન્સી લાગૂ કરી છે. આ રાજકીય સંકટ વચ્ચે રાષ્ટ્રપતિ યામીનની તાનાશાહીના વિરોધમાં માલદીવના વિરોધ પક્ષો અને માલદીવ સુપ્રીમ કોર્ટે ભારત પાસે મદદની અપીલ કરી છે. ત્યારબાદ ભારત તરફથી સંકેત આપવામાં આવ્યા છે કે, આ મામલે માનક સંચાલન પ્રક્રિયાનું પાલન કરવામાં આવશે. જેમાં શાંતિસેના મોકલવાનો પણ પ્રસ્તાવ છે.જોકે હજી સુધી ભારત તરફથી આ અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. માત્ર સંકેત આપવામાં આવ્યા છે. પરંતુ એ પહેલા જ ચીનની તકલીફ વધી ગઈ છે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું છે કે, બિજીંગ માલદીવના ઘટનાક્રમ પર નજર રાખી રહ્યું છે. ‘અમને આશા છે કે, માલદીવ સરકાર અને ત્યાંના વિરોધપક્ષની પાર્ટીઓ પરસ્પર ચર્ચા દ્વારા કટોકટીનું સમાધાન લાવશે’.

ત્યારબાદ ગય્યુમ એ આ મામલામાં ભારતથી હસ્તક્ષેપ કરવાની માંગણી કરી. ભારતના વિદેશ મંત્રાલય એ નિવેદન બહાર પાડીને કહ્યું કે માલદીવમાં ઈમરજન્સીને પરેશાન કરનાર સુપ્રીમ કોર્ટના જજોની ધરપકડનો આદેશ ચિંતાજનક છે. ચીન ભારતની આ પ્રતિક્રિયાથી ખુશ નથી.

## હવે સ્વાસ્થ્ય યોજનાના કાર્ડની કાર્યવાહી ઓનલાઈન બનશે

ન્યુ દિલ્હી,તા.૦૭

કેન્દ્ર સરકારના લાખો કર્મચારીઓ અને પેન્શનધારકો માટે એક રાહતના સમાચાર છે. કેન્દ્ર સરકાર સ્વાસ્થ્ય યોજના (સીજીએચએસ)નો લાભ લેવા માટે હવે તેમણે બેક્ક અને સીજીએચએસ કાર્યાલયના ચક્કર કાપવાની જરૂર નહીં રહે. સીજીએચએસમાં પહેલી વખત નામ નોંધણી અને નવીનીકરણ ઘર બેઠા ઓનલાઈન કરી શકાશે. સીજીએચએસે ટેકનીકલી પ્રક્રિયા પૂર્ણ કરી લીધી છે. આ મહિનાના અંત સુધીમાં કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જયપ્રકાશ નડ્ડા તેની જાહેરાત કરી શકે છે. કલ્યાણ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે સીજીએચએસની મોટાભાગની પ્રક્રિયા ડિઝિટલ છે. હવે આ વ્યવસ્થાને પણ અમે ડિઝિટલ કરવા જઈ રહ્યા છીએ. નવી વ્યવસ્થામાં લાભાર્થી ફોર્મ ભરવાથી લઈને ફોટો-દસ્તાવેજ અપલોડ કરવાનું કામ ઓનલાઈન કરી શકશે.

## તાઈવાન ૬.૪ની તીવ્રતાના ધરતીકંપથી હચમચી ઉઠ્યુ

તાઈપે,તા. ૭

પૂર્વ એશિયામાં સ્થિત દેશ તાઈવાનમાં મોડી રાત્રે પ્રચંડ ભૂકંપનો આંચકો આવતા ભારે નુકસાન થયુ છે. ધરતીકંપમાં ઓછામાં ઓછા પાંચ લોકોના મોત થયા છે અને ૩૦૦થી વધારે લોકો ઘાયલ થયા છે. જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. મોતનો આંકડો વધી શકે છે. મોટી સંખ્યામાં લોકો લાપતા પણ બનેલા છે. ૬.૪ની તીવ્રતાના આંચકાના કારણે સમગ્ર દેશ હચમચી ઉઠયુ હતુ. રિક્ટર સ્કેલ પર વધારે તીવ્રતા હોવાના કારણે કેટલાક વિસ્તારમાં નુકસાન થયુ હોવાના હેવાલ મળ્યા છે. તાઈવાનમાં ઈમરજન્સી સર્વિસના વિભાગે માહિતી આપતા કહ્યુ છે કે દેશમાં ધરતીકંપના આંચકાના કારણે અનેક ઈમારતો એક બાજુ ઝુંકી ગઇ છે. ધરતીકંપના કારણે સૌથી વધારે નુકસાન હુઆલિન શહેરમાં થયુ છે. એમ માનવામાં આવે છે કે એક મોટી ઈમારત ધરાશાયી થવાથી ઓછામાં ઓછા ૬૦ લોકો ફસાઇ ગયા છે. તમામ અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી હાથ ધરવામાં આવી છે. પ્રાથમિક અહેવાલ મુજબ બે લોકોના મોત થયા છે. સાથે સાથે સેંકડો લોકો ઘાયલ થયા છે. અમેરિકાના ભૂવૈજ્ઞાનિક સર્વેમાં કહેવામાં આવ્યુ છે કે આનુ કેન્દ્ર તાઈવાનનુ હુઆલિન હતુ. જેના કારણે કેટલીક ઈમારત ધરાશાયી થઇ ગઇ હતી.

## નિકાસ અંકુશ હટતા કાંદાના ભાવ ફરી પ્રજાને રોવડાવશે

પુણેતા.૦૭

કાંદા નિકાસ પરના અંકુશો ખાસ કરીને લઘુતમ નિકાસ ભાવ મર્યાદા નાબૂદ કરાતા કાંદાના ભાવમાં ધરખમ વધારો જોવા મળ્યો છે, પરિણામે આગામી દિવસોમાં કાંદાના ભાવ આસમાને પહોંચી શકે છે, એવું સૂત્રોએ જણાવ્યું હતું. કાંદાના ભાવ ઊંચા સરકારે નવેમ્બર-૨૦૧૭માં લઘુતમ નિકાસ ભાવ (એમઈપી) ટને ૮૫૦ ડૉલર નિર્ધારિત કર્યા હતા, ત્યારબાદ જાન્યુઆરી-૨૦૧૮માં લઘુતમ નિકાસ ભાવ ઘટાડીને ૭૦૦ ડૉલર કર્યા હતા, જે ૨૦ ફેબ્રુઆરી સુધી હતા, પરંતુ બજેટ બાદ તુરત સરકારે કાંદામાં એમઈપી નાબૂદ કરવાથી ભાવ વધી શકે છે. નિકાસ અંકુશ ઉઠાવી લેવાતા મહારાષ્ટ્રમાં કાંદાના ભાવ બે-ત્રણ દિવસમાં ૩૦ ટકાથી વધુ સુધર્યા છે. માર્ચથી કાંદાની આવકનું દબાણ થાય અને ભાવ તૂટી જાય તે પૂર્વે જ ભાવને ટેકો આપવા નિકાસ અંકુશ સરકારે ઉઠાવી લીધા છે. નાણાપ્રધાન અરુણ જેટલીએ બજેટ સંબોધનમાં ખાતરી આપતાં જણાવ્યું હતું કે કૃષિ નિકાસમાં ઉદારીકરણ અપનાવાશે. કૃષિ નિકાસ ૧૦૦ અબજ ડૉલર સુધી જવાની સંભાવના છે. જે હાલ ૩૦ અબજ ડૉલર છે. કૃષિ કોમોડિટીની નિકાસ ઉદાર બનાવાશે. બજેટના બીજા દિવસે જ કાંદામાં એમઈપી નાબૂદ કરાઈ હતી. વાણિજ્ય - ઉદ્યોગ પ્રધાન સુરેશ પ્રભુએ જણાવ્યું હતું કે કૃષિ પ્રોડક્ટની નિકાસ વધારવા તમામ પગલાં લેવાશે.

નાસિક જિલ્લાની સૌથી મોટી માર્કેટ લાસણગાંવમાં કાંદાના હોલસેલ ભાવ કિલોએ રૂ. ૪-૫ વધી ગયા હતા. લાસણગાંવમાં કાંદાના ભાવ વધીને કિલોએ રૂ. ૨૦ થઈ ગયા હતા. નાફેડના ભૂતપૂર્વ ડિરેકટર સી. બી. હોલકરે જણાવ્યું હતું કે એમઈપી નાબૂદીનો નિર્ણય ઘણો જરૂરી હતો.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ
ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

HURRY UP
LIMITED SEATS
12000/-
ONLY FIRST
20 ADMISSION
Rashmika A. Trivedi
M. 81416 11819
Tender Touch
Baby Sitting, Play Group, Nursery
ADMISSION OPEN
Plot No-16, Swastik Society,
Gujarat Housing Board, Sector-21, Gandhinagar